# Knowledge Consortium of Gujarat (KCG)

**Opp: PRL, Between LDCE and Girl's Polytechnic, Ahmedabad**

## મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય બોર્ડની શાળાઓમાંથી ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહ/સામાન્ય પ્રવાહની પરીક્ષા પાસ કરી સ્નાતક અભ્યાસક્રમમાં અથવા ધોરણ-૧૦ ની પરીક્ષા પાસ કરી ડીપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે જરૂરી આર્થિક સહાય મળી રહે તે હેતુથી શૈક્ષણિક વર્ષ-૨૦૧૫-૧૬થી **'મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના'** સરકારશ્રી દ્વારા શરૂ કરવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના આ અંગેના તા.૭/૧૦/૨૦૧૫ના ઠરાવમાં જણાવ્યા મુજબની પાત્રતા ધરાવતા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા પાસ કરી શૈક્ષણિક વર્ષ-૨૦૧૫-૧૬ માં ડીપ્લોમા/સ્નાતક અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓએ આ યોજના હેઠળ લાભ મેળવવા http://mysy.guj.nic.in પર તા.૧૩/૧૦/૨૦૧૫થી ઓનલાઈન અરજી કરવાની રહેશે. આ યોજનાના અમલ માટે રાજ્યભરમાં આવેલી સરકારી/અનુદાનિત સંસ્થાઓ ખાતે ૯૧ હેલ્પ સેન્ટરો શરૂ કરવામાં આવેલ છે. યોજના સંબંધિત તમામ વિગતો ઉપર જણાવેલ વેબસાઈટ પર ઉપલબ્ધ છે. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૧૬/૧૧/૨૦૧૫ છે. આ યોજના અંગેની વધુ માહિતિ હેલ્પ લાઈન નં: ૦૭૯- ૨૬૫૬૬૦૦૦ પરથી મળી શકશે.

સીઈઓ,કેસીજી